જ/૬૫૬/લાયસન્સ શાખા/પર્ફોર્મન્સ/૭૧૩૭/૨૦૧૮

પોલીસ કમિશનરશ્રીની કચેરી,શાહીબાગ,અમદાવાદ શહેર,તા:૨૭/૧૨/૨૦૧૮

## ૩૧-ડીસેમ્બર ૨૦૧૮ નવા વર્ષની ઉજવણી બાબતે

## જાહેર નોટીસ

૧. ખુલ્લા પ્લોટ કે જાહેર જગ્યામાં લાઉડ સ્પીકર બોક્ષ ટાઈપના રાખવા અને તમામ સ્પીકરો કાર્યક્રમ વાળી જગ્યાની અંદરની બાજુની દીશા તરફ રહે તે રીતે રાખવા તે ઉપરાંત આજુબાજુના રહીશો માટે ઉપદ્રવનો સ્ત્રોત ન બને તે રીતે લાઉડ સ્પીકરનો અવાજ ઓછો રાખવાનો રહેશે.આ લાઉડ સ્પીકરના ઉપયોગ માટેની મંજુરી નોઈસ પોલ્યુશન એક્ટમાં જણાવ્યા મુજબ લાઉડ સ્પીકરનો અવાજ રાખવો.

૨. કાર્યક્રમ દરમ્યાન કોઈ અનિચ્છીય બનાવ ન બને કે કોઈ અશ્લિલતાનું પ્રદર્શન થવા ન પામે તેની કાળજી રાખવી તથા મહીલાઓનો માન મરતબો જળવાય તે રીતે પાર્ટીનુ આયોજન કરવાનુ રહેશે. તેમજ કયાંય પણ મહીલાઓને ન છાજે તેવુ વર્તન કે બીભત્સ વર્તન કે પ્રદર્શન થવુ જોઇએ નહી અને કોઇ અનિચ્છનીય બનાવ બનશે તો સઘળી જવાબદારી કાર્યક્રમના આયોજકોની રહેશે.

૩. ખુલ્લા પ્લોટ કે કલબમાં યોજાતા કાર્યક્રમો માટે વાહન પાર્કીંગ,કલબ કે પ્લોટની જગ્યામાં થાય તે જોવાની જવાબદારી આયોજકોની રહેશે. કાર્યક્રમવાળી જગ્યાએ વાહન પાર્કિંગવાળી જગ્યાએ પ્રાઇવેટ સિક્યુરીટી ગાર્ડની યોગ્ય પુરતી વ્યવસ્થા રાખવાની રહેશે ટ્રાફીક પ્રવાહને અવરોધરૂપ કે રોડ ઉપર પાર્કીંગ થતુ જણાશે તો પરવાનો રદ થવા પાત્ર રહેશે. કાર્યક્રમ માટે જાહેરહિત + જગ્યાનો વિમો અચુક ઉતરાવવો.

૪. કેપીસીટી કરતા વધુ લોકોને ભેગા કરવા નહીં.

૫. ન્યુ ઈયર પાર્ટી દરમ્યાન દારૂ, નશાકારક કે માદક દ્રવ્યો/ હુક્કા જેવી વસ્તુઓનુ ગેરકાયદેસર સેવન કરી શકશે નહી કેફી પદાર્થ કે દારૂનુ ગેરકાયદેસર સેવન કરેલી વ્યકિતઓને કોઈ પણ સંજોગોમાં પ્રવેશ આપવો નહી. તેમજ આવી કોઈ વ્યકિત કેફી પદાર્થ કે દારૂ પીધેલ જણાય તો પોલીસને જાણ કરવાની રહેશે.જો આવી જાણ પોલીસને કરવામાં નહી આવે તો તેના માટે આયોજક અને તેની ટીમ જવાબદાર રહેશે તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

૬. પાર્ટીમાં આવનાર તમામ આમંત્રીતો તથા ડાન્સ કલાકારના નામ સરનામા આઈડી પ્રુફ સહિતની વિગતો એક માસ સુધી સાચવીને રાખવાની રહેશે. તેમજ આ વિગતોની પોલીસને જરુર હશે તો મંગાવી શકશે.

૭.ન્યુ ઈયર પાર્ટીના તમામ પ્રોગ્રામનુ HD CCTV દ્વારા કાર્યક્રમોના entry/exit વાળી જગ્યાએ તેમજ કાર્યક્રમ વાળી અંદરની જગ્યાએ તેમજ વાહન પાર્કિંગવાળી જગ્યાએ એમ અલગ અલગ વિડીયો રેકોર્ડીંગ કરવાનુ રહેશે અને આ રેકોડીંગની CD જે તે પોલીસ સ્ટેશનમાં બીજા જ દિવસે એટલે કે તા:૦૧/૦૧/૨૦૧૯ ના રોજ જમા કરવાની રહેશે.

૮.ન્યુ ઇયર પાર્ટીમાં ખુલ્લા પાર્ટી પ્લોટમાં રાત્રીના ૧૦/૦૦ પછી સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ માઈક વગાડી શકાશે નહી.

૯. ધ નોઈઝ પોલ્યુશન(રેગ્યુલેશન અને કંન્ટ્રોલ)રુલ્સ-૨૦૦૦ તથા રુલ્સ-૨૦૧૦ તેમજ સુપ્રિમ કોર્ટના આદેશનો ભંગ થયેથી કાર્યક્રમના આયોજક વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેવી

૧૦.ન્યુ ઇયર પાર્ટીમાં કોઈ પણ શંકાસ્પદ વ્યકિત કે બિનવારસી શંકાસ્પદ કોઈ પણ ચીજવસ્તુ/વાહન ધ્યાનમાં આવેથી તાત્કાલીક સ્થાનીક પોલીસ અને City Policecontrol Room (No.100) ને જાણ કરવી .

૧૧. ન્યુ ઈયર પાર્ટીમાં પ્રવેશદ્વાર પર ડોરફ્રેમ મેટલ ડીટેકટર/હેન્ડ હેલ્ડ મેટલ ડીટેકટર વગેરેથી તમામે તમામ વ્યક્તિઓનુ વ્યવસ્થિત રીતે ચેકીંગ કરવાનુ રહેશે. આવુ ચેકીંગ પુરુષ અને મહિલા સુરક્ષા કર્મચારીઓથી કરવાનુ રહેશે. અને શંકાસ્પદ વ્યક્તિની શારીરિક ચકાસણી કરવી સલામતી સારુ એન્ટ્રન્સ તથા એકઝીટ દ્વારમાં ભીડભાડ ન થાય તે સારુ મોટા રાખવા તથા અલગ અલગ સ્થળે રાખવા.

૧૨. પ્રર્વતમાન કાયદા, વખતો વખતના જાહેરનામા, પરમીશનની શરતો વિગેરે આયોજક/તેની ટીમ તથા પાર્ટીમાં ભાગ લેનાર લોકોએ પાલન કરવાનુ રહેશે.